૨૦૩ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 112 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 May 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૧૩ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ત્રાસવાદ જ પાકિસ્તાનનો નાશ કરશે: મોદી

▸ ઓપરેશન સિંદૂર બાદ પહેલીવાર વડા પ્રધાનનું દેશને સંબોધન ▸ 'ભારતને ન્યૂક્લિઅર બ્લેકમેલ કરી ન શકાય' ▸ ટેરર હોય તો 'ટૉક અને ટ્રેડ' ન થાય
▸ ભારતે પાકિસ્તાનની અંદર સફળ હુમલા કર્યા ▸ 'પાણી અને લોહી' એકસાથે ન વહી શકે ▸ સંરક્ષણ ક્ષેત્રે 'મેડ ઇન ઇન્ડિયા'ની ક્ષમતાનો દુનિયાને પરિચય મળી ગયો

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે રાતે રાષ્ટ્રને 'ઑપરેશન સિંદૂર' અંગે સંબોધતા જણાવ્યું હતું કે ત્રાસવાદ એક દિવસે પાકિસ્તાનનો જ નાશ કરશે. ભારતને કોઇ પણ ન્યૂક્લિઅર બ્લેકમેલ કરી (અણુબૉમ્બથી ડરાવી) નહિ શકે. પાકિસ્તાન હવે જો ત્રાસવાદને સહાય કરતું હોવાનું માલૂમ પડશે, તો તેની સામે વધુ આકરી લશ્કરી કાર્યવાહી કરાશે.

તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાનનો 'બીભત્સ ચહેરો' અને ક્ષમતા (નબળાઇ) સમગ્ર દુનિયાની સમક્ષ જાહેર થઇ ગયા છે. પાકિસ્તાને ભારતની સરહદે હુમલો કર્યો, તે પછી ભારતે પાકિસ્તાનની અંદર હુમલા કર્યા હતા.

વડા પ્રધાને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે 'ટેરર અને ટૉક' (ત્રાસવાદ અને મંત્રણા) અને 'ટેરર અને ટ્રેડ' (ત્રાસવાદ અને વેપાર) એકસાથે થઇ ન શકે તેમ જ 'પાણી અને લોહી' એકસાથે વહી ન શકે.

તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાનની સાથે હવે ત્રાસવાદ બંધ કરાવવા અને પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર (પીઓકે) પાછું મેળવવા સિવાયના કોઇ મુદ્દે મંત્રણા નહિ કરાય.



મોદીએ જણાવ્યું હતું કે ભારતીય લશ્કરની ત્રણેય પાંખે હાથ ધરેલી સંયુક્ત કાર્યવાહીમાં પાકિસ્તાનમાંના ૧૦૦થી વધુ ખૂનખાર ત્રાસવાદીને મારવામાં આવ્યા હતા, પાકિસ્તાનના અનેક ડ્રોન, મિસાઇલ અને ઍર ડિફેન્સ સિસ્ટમનો નાશ કરાયો હતો.

પાકિસ્તાનમાંની ત્રાસવાદી છાવણીઓને ખંડેર બનાવી દેવાઇ છે. સંરક્ષણ ક્ષેત્રે 'મેડ ઇન ઇન્ડિયા'ની ક્ષમતા અને તાકાતનો વિશ્વને પરિચય થઇ ગયો છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે પાકિસ્તાને ત્રાસવાદી હુમલા બાદ ભારત પર હુમલાના કરેલા બધા પ્રયાસ નિષ્ફળ બનાવાયા હતા. ઇસ્લામાબાદ ત્રાસવાદીઓને સાથ આપતું હોવાનું દુનિયાભરમાં જાહેર થઇ ગયું છે.

મોદીએ ભારતીય લશ્કરની ત્રણેય પાંખ, અર્ધલશ્કરી દળો, સંરક્ષણ ક્ષેત્રના વિજ્ઞાનીઓ વગેરેને સલામ કરતા જણાવ્યું હતું કે દેશના દરેક નાગરિકોને રાષ્ટ્રના આ બહાદુરો પર ગર્વ છે. આ યુગ યુદ્ધનો કે (જુઓ પાનું ૨) ▸▸

## રાષ્ટ્રપતિ મુર્મૂએ છત્તીસગઢમાં માર્ગ અકસ્માતમાં જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો

નવી દિલ્હી: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સોમવારે છત્તીસગઢમાં માર્ગ અકસ્માતમાં ૧૩ લોકોનાં મોત પર શોક વ્યક્ત કર્યો હતો. તેમજ ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી હતી. રાયપુર જિલ્લામાં રાયપુર-બલોદાબજાર રોડ પર સારાગાંવ નજીક રવિવારે મોડી રાત્રે ટ્રેલર અને માલવાહક ટ્રક વચ્ચે થયેલી અથડામણમાં ૧૩ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જેમાં તમામ મહિલાઓ અને બાળકો હતાં. જ્યારે ૧૪ લોકો ઘાયલ થયા હતા. રાષ્ટ્રપતિ મુર્મૂએ એક્સ પર હિન્દીમાં જણાવ્યું કે છત્તીસગઢના રાયપુરમાં માર્ગ અકસ્માતમાં બાળકો અને મહિલાઓ સહિત અનેક લોકોના મોતના સમાચાર ખૂબ જ દુઃખદ છે. હું શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું.

છત્તીસગઢના મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવ સાંઇએ આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમજ મૃતકોના પરિવારજનોને ૫-૫ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી. ■

## વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

નવી દિલ્હી: ભારતના ચેમ્પિયન બેટ્સમેન વિરાટ કોહલીએ સોમવારે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. જેનાથી મહાન ક્રિકેટરના સુવર્ણ યુગનો અંત આવ્યો હતો. વિરાટ કોહલી વન-ડે ક્રિકેટમાં રમવાનું ચાલુ રાખશે. ૩૬ વર્ષના કોહલીએ ગયા વર્ષે ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી.

તેણે ભારત માટે ૧૨૩ ટેસ્ટ મેચ રમી છે જેમાં તેણે ૪૬.૮૫ની સરેરાશથી ૩૦ સદીની મદદથી ૯૨૩૦ રન ફટકાર્યા છે. જ્યારે ટી-૨૦ ક્રિકેટ વૈશ્વિક સ્તરે લોકપ્રિય હતું ત્યારે તે ટેસ્ટ ફોર્મેટને બચાવવાના અભિયાનમાં સૌથી આગળ હતો.



કોહલીએ સ્વીકાર્યું કે આ નિર્ણય લેવો સરળ નહોતો, જેનાથી રમતના લાંબા ફોર્મેટમાં તેના ભવિષ્ય અંગે ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો.

તેમણે પોતાના ઇન્સ્ટાગ્રામ પેજ પર જાહેરાત કરી હતી કે, ''હું રમત માટે, મેદાન પર જે લોકો સાથે રમ્યો હતો તે (જુઓ પાનું ૨) ▸▸

## શૅરબજારમાં એક-દિવસનો સૌથી મોટો ઉછાળો

▸ સેન્સેક્સ ૨,૯૭૫.૪૩, નિફ્ટી ૯૧૬.૭ પોઇન્ટ વધ્યો
▸ રોકાણકારોની સંપત્તિમાં ₹ ૧૬.૧૫ લાખ કરોડનો ઉમેરો

મુંબઈ: બૅન્ચમાર્ક સ્ટૉક ઇન્ડાઇસીસ સેન્સેક્સ અને નિફ્ટીમાં સોમવારે એક-દિવસનો સૌથી મોટો ઉછાળો આવ્યો હતો.

૩૦-શૅર બીએસઇ સેન્સેક્સ ૨,૯૭૫.૪૩ પોઇન્ટ એટલે કે ૩.૭૪ ટકા વધીને સાત મહિનાની સૌથી વધુ ઊંચી સપાટી ૮૨,૪૨૯.૯૦ ઉપર બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન તે ૩,૦૪૧.૫ પોઇન્ટ એટલે કે ૩.૮૨ ટકા વધીને ૮૨,૪૯૫.૯૭ની ઊંચાઇએ પહોંચ્યો હતો.

એનએસઇનો '૫૦-ઇસ્યૂ નિફ્ટી' ૯૧૬.૭૦ પોઇન્ટ એટલે કે ૩.૮૨ ટકા વધીને ૨૪,૯૨૪.૭૦ ઉપર બંધ થયો હતો. ઇન્ટ્રા-ડૅ ટ્રેડમાં તે ૯૩૬.૮ પોઇન્ટ એટલે કે ૩.૯૦ ટકા વધીને ૨૪,૯૪૪.૮૦ સુધી પહોંચી ગયો હતો.

આઇટી, મેટલ (ધાતુ), રિઍલિટી અને ટેક શૅર્સમાં મોટા પાયે ખરીદીને લીધે સેન્સેક્સ અને નિફ્ટીમાં એક-દિવસનો સૌથી મોટો ઉછાળો આવ્યો હતો.

અગાઉ, ૨૦૨૪ની ત્રીજી જૂને એક-દિવસનો સૌથી મોટો ઉછાળો સેન્સેક્સમાં ૨,૫૦૭.૪૫ પોઇન્ટનો અને નિફ્ટીમાં ૭૩૩.૨૦ પોઇન્ટનો આવ્યો હતો.

દલાલ સ્ટ્રીટના રોકાણકારોની સંપત્તિમાં સોમવારે રૂપિયા ૧૬.૧૫ લાખ કરોડનો વધારો થયો હતો. બીએસઇ-લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન એક જ દિવસમાં રૂપિયા ૧૬,૧૫,૨૭૫.૧૯ કરોડ વધીને રૂપિયા ૪,૩૨,૫૬,૧૨૫.૬૫ કરોડ (૫.૦૫ ટ્રિલ્યન ડૉલર) થયું હતું. (જુઓ પાનું ૨) ▸▸

## ગાઝામાં ઇઝરાયલી હુમલામાં ૧૬નાં મોત

દેર અલ-બલાહ: ગાઝામાં ઇઝરાયલના હવાઇ હુમલાઓ સતત ચાલુ છે. તાજેતરમાં સોમવારે સવારે ગાઝા પટ્ટીમાં આશ્રય સ્થાન બનેલી શાળા પર કરવામાં આવેલા હુમલામાં (જુઓ પાનું ૨) ▸▸

## ઉ.પ્ર.માં આતંકવાદી હુમલાનો નકલી વીડિયો પોસ્ટ કરવા બદલ ત્રણની ધરપકડ

શાહજહાંપુર: ઉત્તર પ્રદેશના શાહજહાંપુર જિલ્લામાં આતંકવાદી હુમલા અંગેનો નકલી વીડિયો પોસ્ટ કરવાના આરોપસર ત્રણ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ માહિતી એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ સોમવારે આપી હતી.

પોલીસ અધિક્ષક(એસપી) રાજેશ દ્વિવેદીના જણાવ્યા અનુસાર શાહજહાંપુરના મીડિયા સેલે ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક પર એક વીડિયો જોયો હતો. જેમાં લખ્યું હતું કે 'શાહજહાંપુરમાં આતંકવાદી હુમલો' અને સાથે ફાયરિંગના અવાજો પણ આવી રહ્યા હતા. જેના કારણે લોકોમાં ભય ફેલાયો હતો.

ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ ધારક અંકિત કુમાર વિરુદ્ધ સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં અને પરવિંદર વિરુદ્ધ કોતવાલી પોલીસ સ્ટેશનમાં રવિવારે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત કોતવાલી પોલીસ સ્ટેશનમાં એક અજાણ્યા વ્યકિત વિરુદ્ધ પણ કેસ નોંધવામાં આવ્યો હતો.

એસપીએ લોકોને ખોટી અફવાઓ ન ફેલાવવા અને સોશિયલ મીડિયા પર ભ્રામક પોસ્ટ ન કરવાની અપીલ કરતાં જણાવ્યું કે અમારી ટીમ સતત સોશિયલ મીડિયા પર નજર રાખી રહી છે. તેમણે કહ્યું કે નકલી પોસ્ટ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.



**ઉચ્ચ સ્તરીય બેઠક:** દિલ્હીમાં સોમવારે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, વિદેશ પ્રધાન એસ. જયશંકર, ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ અનિલ ચૌહાણ, ચીફ ઑફ આર્મી સ્ટાફ (સીએએસ) જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, વિદેશ સચિવ વિક્રમ મિસરી અને અન્યો. (એજન્સી)

## કૉંગ્રેસ અને તેના સાથી પક્ષો પર ભારતીય સુરક્ષા દળો વિરુદ્ધ કામ કરવાનો ભાજપનો આરોપ

નવી દિલ્હી: ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ સોમવારે આરોપ લગાવ્યો કે કૉંગ્રેસ અને તેના સાથી પક્ષો ''પાંચમા સ્તંભ'' બની ગયા છે જે સુરક્ષા દળોનું મનોબળ નીચું કરવાનું કામ કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખ અજય રાયે પહલગામ આતંકવાદી હુમલા સામે એક ''રમકડાનું રાફેલ'' બતાવીને બદલો લેવાની સરકારની સંભવિત કાર્યવાહીના સંદર્ભમાં સરકાર પર કટાક્ષ કર્યા બાદ ભાજપે આ આરોપ લગાવ્યો હતો. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ પાકિસ્તાન સેના અને 'ઈન્ડિયા' ગઠબંધનના નેતાઓની તુલના કરતા કહ્યું કે પાકિસ્તાન સેના યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહી છે અને સરહદ પારથી ભારતીય સશસ્ત્ર દળો પર બોમ્બમારો કરી રહી છે, જ્યારે વિપક્ષી નેતાઓ દેશની અંદરથી તેમની ટિપ્પણીઓથી તેમને નિશાન બનાવી રહ્યા છે.

સત્તાધારી ભાજપ દ્વારા વિપક્ષી પક્ષો, ખાસ કરીને કૉંગ્રેસ પર આ તાજેતરનો હુમલો ઉત્તર પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ અજય રાય દ્વારા કરવામાં આવેલી કટાક્ષપૂર્ણ ટિપ્પણી પછી આવ્યો છે, જેમાં તેમણે સરકાર પર આતંકવાદીઓ સામે કોઈ કાર્યવાહી ન કરવાનો આરોપ લગાવ્યો હતો.

રાયે એક રમકડાનું વિમાન બતાવ્યું જેમાં રાફેલ ફાઇટર જેટ પર લીંબુ અને મરચાં લટકાવેલા દર્શાવવામાં આવ્યા હતા અને તેનો ઉપયોગ ન કરવા બદલ સરકાર પર પ્રહારો કર્યા હતા. ત્રિવેદીએ કહ્યું કે આ સશસ્ત્ર દળોનું મનોબળ ઓછું કરવાના હેતુથી વિપક્ષી નેતાઓ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓની કેટેગરીમાં આવે છે.

કૉંગ્રેસના અનેક નેતાઓની ભૂતકાળની ટિપ્પણીઓનો ઉલ્લેખ કરતા ત્રિવેદીએ કહ્યું કે ભલે ભારતીય મીડિયામાં પાકિસ્તાની નેતાઓને પાકિસ્તાની સેના વિરુદ્ધ કોઈ પણ ટિપ્પણી માટે ભાગ્યે જ ટાંકવામાં આવે છે, પરંતુ પાડોશી દેશમાં સરકારની ટીકા કરવા અને ભારતીય સશસ્ત્ર દળોનું મનોબળ ઘટાડનારા ભારતીય નેતાઓને વારંવાર ટાંકવામાં આવે છે. ■

## આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના ૪૭૬ લોકોને સરહદી વિસ્તારોમાંથી સુરક્ષિત બહાર કઢાયા

નવી દિલ્હી: જમ્મુ-કાશ્મીર અને પાકિસ્તાનની સરહદે આવેલા અન્ય રાજ્યોમાંથી આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના કુલ ૪૭૬ વિદ્યાર્થીઓ અને રહેવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે.

એક નિવેદન અનુસાર આંધ્ર પ્રદેશના ૩૫૦ વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય રાજધાની પહોંચ્યા છે. જેમાંથી ૧૦૦ વિદ્યાર્થીઓ રવિવારે જમ્મુ-કાશ્મીર અને પડોશી રાજ્યોમાંથી આવ્યા હતા. આંધ્ર પ્રદેશ ભવને રવિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આંધ્ર પ્રદેશમાં ૯૦ વિદ્યાર્થીઓ તેમના વતન જવા રવાના થઇ ગયા છે, જ્યારે ૨૬૦ વિદ્યાર્થીઓ અમારી દેખરેખ હેઠળ છે.

અધિકારીએ જણાવ્યું કે આંધ્ર પ્રદેશ ભવને સરહદી વિસ્તારોમાં રહેતા રાજ્યના લોકોને મદદ કરવા માટે દિલ્હીમાં ૨૪૭ કંટ્રોલ રૂમ શરૂ કર્યો છે. આ ઉપરાંત તેલંગાણા સરકારે જણાવ્યું કે અત્યાર સુધીમાં ૧૨૬ લોકો તેલંગાણા ભવન પહોંચ્યા છે, જેમાંથી ૯૧ લોકો રવિવારની મધરાતે પહોંચ્યા હતા. જે લોકોને બહાર કાઢવામાં આવ્યા છે તેમાં એનઆઇટી શ્રીનગરના ૫૦ વિદ્યાર્થીઓ, શેર-એ-કાશ્મીર કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી, જમ્મુ-કાશ્મીરમાં કામ કરતા કર્મચારી અને પંજાબમાં લવલી પ્રોફેશનલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. અધિકારીએ જણાવ્યું કે મદદ મળ્યા બાદ ૫૭ લોકો પહેલાથી જ તેમના વતન જવા રવાના થઇ ગયા છે, જ્યારે બાકીના લોકોને તેલંગાણા ભવનમાં રાખવામાં આવ્યા છે.

બંને રાજ્ય ભવન સ્થળાંતર કરનારાઓને મફત ભોજન, આવાસ, તબીબી સહાય અને પરિવહન સુવિધાઓ પૂરી પાડી રહ્યા છે. નોંધનીય છે કે ભારત અને પાકિસ્તાને ૧૦ મેના રોજ એક કરાર કર્યો હતો, જે અંતર્ગત દાયકાઓમાં બંને દેશો વચ્ચેના સૌથી ગંભીર સંઘર્ષ બાદ તમામ લશ્કરી કાર્યવાહીઓ બંધ કરવામાં આવી હતી. ■

## ચીનમાં વાવાઝોડાને કારણે પ્રવાસી બોટો પલટી જતાં દસનાં મોત

બીજિંગ: ચીનના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં આવેલા એક પર્યટન સ્થળે અચાનક આવેલા વાવાઝોડામાં ચાર બોટ પલટી ગઇ હતી. જેમાં ૧૦ લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ માહિતી સરકારી મીડિયાએ આપી હતી.

સરકારી પ્રસારણકર્તા સીસીટીવીના અહેવાલ મુજબ રવિવારે બપોરે ગુઇઝોઉ પ્રાંતના એક કુદરતી સૌંદર્ય ધરાવતા વિસ્તારમાં ભારે પવનને કારણે ૮૦ કરતાં વધુ લોકો નદીમાં પડી ગયા હતા. ચીનની સૌથી લાંબી નદી યાંગ્ત્ઝેની ઉપનદી વુ નદીના ઉપરના ભાગમાં અચાનક વરસાદ અને કરાવૃષ્ટિ બાદ બોટો પલટી ગઇ હતી. પ્રારંભિક અહેવાલોમાં બે પ્રવાસી બોટ પલટી ગઇ હોવાનું જણાવાયું હતું. પરંતુ સરકારી મીડિયાએ સોમવારે જણાવ્યું હતું કે ચાર બોટ પલટી ગઇ હતી. સીસીટીવીના અહેવાલ મુજબ અન્ય બે બોટમાં કોઇ મુસાફરો ન હતા અને ચાલક દળના સાત સભ્યો પોતાને બચાવવામાં સફળ રહ્યા હતા.

શિન્હુઆ સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે ગુમ થયેલા લોકોને શોધવા અને ઘાયલોની સંભાળ રાખવા માટે તમામ પ્રયાસો કરવાની હાકલ કરી હતી. ૭૦ લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી મોટાભાગના લોકોને સામાન્ય ઇજાઓ થઇ હતી.

સીસીટીવીએ જણાવ્યું કે પલટી ગયેલી હોડીઓમાં મહત્તમ ૪૦ લોકોને લઇ જવાની ક્ષમતા હતી અને તે ઓવરલોડેડ ન હતી. એક પ્રત્યક્ષદર્શીએ સરકારી બીજિંગ ન્યૂઝને જણાવ્યું કે પાણી ઊંડું હતું, પરંતુ કેટલાક લોકો તરીને સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા હતા. ■

## પેરુમાં સોનાની ખાણમાંથી અપહૃત ૧૩ કામદારોના મૃતદેહ મળ્યા

લીમા: પેરુમાં સોનાની એક મોટી ખાણમાંથી લગભગ એક અઠવાડિયા પહેલા અપહરણ કરાયેલા ૧૩ સુરક્ષા ગાર્ડોના મૃતદેહ રવિવારે મળી આવ્યા હતા. દક્ષિણ અમેરિકન દેશના મહત્ત્વપૂર્ણ ખાણકામ ઉદ્યોગમાં હિંસા વધી રહી છે એવા સમયે આ મૃત્યુ થયા છે. આ માહિતી પેરુના ગૃહ મંત્રાલયે આપી હતી.

સોનાની ખાણ લા પોંડેરોસાએ જણાવ્યું કે શોધ અને બચાવ ટીમોને રવિવારે ખાણમાંથી કામદારોના મૃતદેહ મળી આવ્યા હતા. કંપનીએ તેના અપહરણનો આરોપ અનૌપચારિક ખાણિયાઓ પર લગાવ્યો છે, જેઓ કથિત રીતે ગુનાહિત ગેંગ સાથે જોડાયેલા હતા.

એવો આરોપ છે કે આ ખાણિયાઓએ ૨૬ એપ્રિલના રોજ સોનાની ખાણ પર હુમલો કર્યો હતો. પેરુના ગૃહ મંત્રાલયે જણાવ્યું કે તેણે આ જઘન્ય અપરાધો માટે જવાબદાર લોકોને શોધી કાઢવા અને ધરપકડ કરવા માટે એક ખાસ પોલીસ દળ તહેનાત કર્યું છે.

પેરુની રાજધાની લીમાસ્થિત ખાનગી કંપની લા પોંડેરોસાએ જણાવ્યું કે પેરુના દૂરવર્તી ઉત્તર-પશ્ચિમ શહેર પટાઝમાં ખાણ પર નિયંત્રણ માટે લડતા ગુનાહિત જૂથોએ ૧૯૮૦માં કંપનીએ કામગીરી શરૂ કરી ત્યારથી અત્યાર સુધીમાં કંપનીના ૩૯ કામદારોની હત્યા કરી છે. જેમાં હાલમાં માર્યા ગયેલા ૧૩ કામદારોનો પણ સમાવેશ થાય છે. ■